Commissionerate of Schools
Government of Gujarat
Block No. 9, 1st Floor,Dr. Jivraj Mehta Bhavan,Gandhinagar 382 010
E-mail: ssmadhyamik2@gmail.com, jointdirectors@gmail.comTe. No. : 079 23254011

ક્રમાંક : અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૨/૧૧૮૪૩-૧૮ **તા.૨૧/૦૯/૨૦૨૨**

By E-mail

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી

જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ

વિષય : રાજ્ય સરકારના કર્મચારીઓને પરિવહન ભથ્થું આપવા બાબત

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના યાદી ક્રમાંક:બમશ/૧૧૮૮/૩૦૯૨/ગ તા.૨૩/૦૬/૨૦૧૪
(૨) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: બમશ/૧૧/૨૦૧૨/૪૯૮૫૨૧/ગ તા.૨૬/૦૭/૨૦૧૭
(૩) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:PGR/102022/O-360/Pay Cell (CH), તા.૨૪/૦૯/૨૨
(૪) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૨/૧૭૪૯૬-૫૩૨ તા.૨૬/૦૯/૨૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) તા.૨૩/૦૬/૨૦૧૪ ના યાદી ક્રમાંકથી બિનસરકારી માધ્યમિક શાળાના આચાર્ય/વહીવટી કર્મચારીને સહાયક અનુદાન હેઠળ વાહન ભથ્થું મંજુર કરવા અંગે ઠરાવ થયેલ છે.

શિક્ષણ વિભાગના સંદર્ભ (૨) તા.૨૬/૦૭/૨૦૧૭ પત્રથી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સેવક, વહીવટી કર્મચારી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, આચાર્યને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવા અંગે અસ્વીકાર કરવામાં આવેલ છે.

નાણાં વિભાગના સંદર્ભ (૩) તા.૨૪/૦૯/૨૨ ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને પે મેટ્રિક્સ લેવલ મુજબ પરિવહન ભથ્થું તા.૦૧/૧૦/૨૦૨૨ થી જાહેર કરેલ છે. સદર ઠરાવની જોગવાઈ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને **સીધી રીતે સ્પર્શતી ન હોઈ**, કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૨/૧૭૪૯૬-૫૩૨ તા.૨૬/૦૯/૨૨ ના પત્રથી જાણ તથા જરૂરી કાર્યવાહી સારું કરેલ **આદેશ રદ ગણવા** આથી જણાવવામાં આવે છે.

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

સવિનય નકલ રવાના –

- સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ૧૦+૨ શાખા, સદર કચેરી.
- સંયુકત નિયામકશ્રી, હિસાબી શાખા, સદર કચેરી.